વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

Anasooya (Gujarati Fortnightly)

વર્ષ - ૪૩ : અંક - ૬-૭ ✻ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ✻ તંત્રી : નમ્રતા બાલી ✻ પ્રકાશન : માર્ચ ૨૨, એપ્રિલ ૬, ૨૦૨૫

# રોજગારની ઉભરતી તકો સંગઠન થકી મેળવી

અડગ મન હોય તો સફળતાના શિખરો પણ સર કરી જવાય. આ વાતને પુરવાર કરી રહ્યા છે 'સેવા' સભ્યોની યુવાન પેઢી કે, જેમને ૩ મહિના જનરલ નર્સિંગ ડ્યુટી આસીસ્ટન્ટની તાલીમ સદ્‌વિચાર તાલીમ કેન્દ્રમાંથી લીધી. આ તાલીમમાં ૧ મહિનાની ક્લાસ રૂમ તાલીમ અને ૨ મહિનાની હોસ્પિટલમાં ઈન્ટર્ન શીપ હોય છે.

આજે આ નર્સિંગ કોર્સને શરુ થયેલ લગભગ દોઢ વર્ષ થયું અને તાલીમો પૂરી થતા બધા તાલીમાર્થીઓ આજે કામ પર લાગી ગયા. આપણે જોઈએ છીએ કે, હાલ શિક્ષિત પરિવારો ટૂંકા થઇ રહ્યા છે. આજની ભાષામાં કહું તો, પતિ અને પત્ની બન્ને વર્કિંગ કપલ, બાળકો અને ઘરના ઉંમરલાયક સભ્યોને તેમની માંદગીમાં ધ્યાન રાખવા જેવા કામો માટે શ્રમજીવી કામદાર બહેનોની ખૂબ માંગ છે. આ પ્રકારના કામોમાં પૈસા કલાક મુજબ મળે. અને એમાં જો થોડું શિક્ષણ અને આવડત હોય એ પ્રકારના કામની તકો ખૂબ મોટા પાયે ઉભી થઈ છે.

આજે 'અનસૂયા' માટે લખવા બેઠી તો બધા સાથે વાતો કરી, દરેકની સકસેસ સ્ટોરી ! બધા રાજીના રેડ છે. કોની વાત 'અનસૂયા'ના વાચકોને સંભળાવું ને કોની નહિ ? તો ચાલો લઇ જઉં એમના સુધી...

મારું નામ પ્રીતિ મનોજભાઈ પટણી છે. મારા મમ્મી શાકભાજી વેચે છે. અને પપ્પા ભાડાની રીક્ષા ચલાવે છે. અમે ૩ બહેનો અને ૧ ભાઈ છીએ. એમાં હું સૌથી નાની છું. મારા પપ્પાની તબિયત સારી નથી રહેતી. એટલે રિક્ષા ક્યારેક જ ચલાવે. એટલે મમ્મી પર ઘરની બધી જ જવાબદારી છે. પપ્પાની દવામાં પૈસા જતા રહે અને ઘરની પરિસ્થિતિ ખૂબ જ નબળી રહે.

મારું સ્વપ્નુ નર્સિંગ કોર્સ કરવાનું હતું. હું ૧૨ ધોરણ પાસ થયાં પછી મમ્મીને રોજ કહેતી કે, મારે નર્સિંગનો કોર્સ કરવો છે પણ, નર્સિંગના કોર્સની ફી ખૂબ જ વધારે હોવાથી મમ્મી પપ્પાએ કોર્સ કરવાની ના પાડી. એટલે પછી ચમનપુરા 'સેવા શાંતિપથ' કેન્દ્રમાં સિવણમાં મારું નામ લખાવ્યું. ૩ મહિનાથી સેન્ટર પર સિલાઈ શીખવાનું ચાલુ જ હતું. અમારા આ સેન્ટર પરથી ખબર પડી કે, 'સેવા'એ 'સદ્‌વિચાર પરિવાર' સાથે નર્સિંગ કોર્સ માટે ટાયઅપ કર્યુ છે. હું તો આ વાત સાંભળી રાજી રાજી થઇ ગઈ કારણ કે, આ જ મારું સ્વપ્નુ હતું. મેં મમ્મી પપ્પાને વાત કરી તો દૂર હોવાથી એમણે પણ ના પાડી. કે આવી રીતે થોડું કંઈ નર્સિંગ થાય ? રૂપિયા આપીએ તો જ સારું કહેવાય. પછી સેવાના આગેવાન પિંકીબેન મારા ઘરે આવ્યા અને મમ્મી પપ્પાને સમજાવ્યું ત્યારે હા પડી !

મેં ૩ મહિના આ કોર્સ કર્યો. જેમાં ૧ મહિનાની ક્લાસરૂમ ટ્રેનિંગ અને ૨ મહિના ઈન્ટર્નશીપ અને પ્રેક્ટિકલ પણ કરાવતા. સર્ટીફિકેટ પણ મળ્યું. કોર્સ પૂરું થતાં તરત જ કામ મળી ગયું..

હાલમાં હું સદ્‌વિચાર સેવા સદનમાં નર્સિંગ આસીસ્ટન્ટ તરીકે કામ કરું છું. ૬ મહિના ડેન્ટલ ડિપાર્ટમેન્ટમાં કામ કર્યું. અને હાલમાં વોર્ડમાં B.P., ડાયાબિટીસ, પથારીના પેશન્ટને જોવું છું. મારે P.F. કપાતા મને ૧૨૦૦૦ હજાર રૂપિયા મળે છે. હું મારા કામથી ખૂબ જ ખુશ છું કેમ કે, મારું સ્વપ્ન પૂરું થયું. મને એવું હતું કે, મારું સ્વપ્ન કયારેય પૂરું નહીં થાય, પણ 'સેવા' સંગઠનના સથવારે પૂરું થયું છે.

મારા કુટુંબમાં હું પહેલી એવી દીકરી છું કે, જે નર્સ બની. એનાથી મારા કુટુંબમાં અને સમાજમાં મારો મોભો અને માન વધ્યું છે. મારા લીધે મારા મમ્મી પપ્પાનું પણ સમાજમાં માન વધી ગયું છે. અમે ગરીબ હોવાથી કુટુંબવાળા અમને બોલાવતા ન હતા. અને હાલમાં કોઈ પ્રસંગ હોય તો પહેલા અમને બોલાવે છે. અને હું નર્સિંગનો યુનિફોર્મ પહેરીને નીકળું તો વિસ્તાર મોહલ્લામાં એન્ટ્રી પડે છે કે, આ તો મનોજભાઈની છોકરી છે ! બધા મારી સામે જોઈને વિચાર જ કર્યા કરે કે ત્રણ મહિનામાં કેવું કામ શીખીને કામે લાગી ગઈ છે !

મારા કામથી હું ઘરમાં મમ્મીને ઘર ચલાવવામાં મદદરૂપ થઇ. પપ્પાની ભાડાની રિક્ષા હતી, તો મેં સેવા બેંકમાં બચત કરીને પપ્પાને પોતાની રિક્ષા અપાવી અને પપ્પાની સારી હોસ્પિટલમાં દવા કરાવી. હવે ઘર ચલાવવામાં તકલીફ નથી પડતી. હું પગભર બની અને દર મહિને ૫૦૦થી ૬૦૦ રૂપિયાની બચત પણ કરું છું.

મારું સ્વપ્નુ પૂરું કરવા માટે અને પગભર બનાવવા માટે હું મારા ‘સેવા’ સંગઠનનો ખૂબ ખૂબ આભાર માનું છું.

અશક્ય શક્ય બની શકે !

કેવીન શિલાસભાઈ મેકવાન સાથે વાત કરી તો તે ૧૨ ધોરણ સુધી ભણ્યો છે. તેની ઉંમર ૨૩ વર્ષની છે, ગોમતીપુરની પરમાનંદ પટેલની ચાલીમાં રહે છે. ઘરમાં ૭ સભ્યો છે. કેવિન ઘરમાં સૌથી નાનો છે. તેના મમ્મી સેવાના સભ્ય અને ગારમેન્ટમાં કામ કરે છે. પપ્પા છૂટક કામ કરે છે.

કેવીન ૧૨ ધોરણ પાસ દુકાનમાં નોકરી કરવા જતો હતો. જ્યાં ૭૦૦૦ રૂપિયા પગાર મળતો હતો. ઘરની પરિસ્થિતિ ખુબ નબળી હતી. પિતા દારૂનું વ્યસન કરતા હતા. આગળ ભણી શક્યો નહી. સેવાના આગેવાનો મળ્યા ને કેવીન પણ મળ્યો કે, મારે નોકરીની જરૂર છે એટલે પહેલા તો મને કોમ્પ્યુટરનો કોર્સ કરાવ્યો.

પછી નર્સિંગના કોર્સની જાણ થઇ. હું આ કોર્સ કરવા તૈયાર થયો. ત્રણ મહિનાની તાલીમ લીધી. ખરું કહું તો, મારા પાસે તો તાલીમમાં જવા માટે ઘરેથી ભાડાના પૈસા પણ પૂરતા ન હતા. છતા, મેં તકલીફ વેઠીને નર્સિંગનો કોર્સ પૂરો કર્યો. મને તમાકુના મસાલાનું વ્યસન હતું, સેવાએ મને વ્યસન છોડવા માટે કહ્યું. અને કહ્યું કે, તું વ્યસન છોડીશ તો જ તને નોકરી મળશે. મારે નોકરીની જરૂર હતી. મેં મારા દાંત પણ ડૉક્ટર પાસે સાફ કરાવ્યા. કેમ કે, ઘર ચલાવવાનું હતું અને નોકરીની તક જવા દેવી નહતી. અને આખરે મેં મવ્યસન છોડી દીધુ. મને નોકરી મળી. મને મહિનાના ૧૩૦૦૦ રૂપિયા પગાર આપે છે. અને મારે પી. એફ. પણ કપાય છે. મારા મમ્મી-પપ્પા મારી આવકથી ખૂબ ખુશ છે અને વ્યસન તો ગયું જ !

સગા-સંબંધીઓ અને ચાલીમાં બધા જ મને માન આપે છે.

‘તમારા દીકરાએ વ્યસન છોડ્યું અને સરસ નોકરી મળી ગઈ’, એમ કહી સૌ આનંદ વ્યક્ત કરે છે. કેવીન જણાવે છે કે, બહાર હોસ્પિટલમાં ગયા પછી અલગ-અલગ દર્દીઓ સાથે રહી ઘણું શીખવા મળ્યું. જો મારી મા ‘સેવા’ની સભ્ય ના હોત તો મારાથી આ વ્યસન ના જ છુટી શકત.

‘સેવા’ સંગઠનમાં જોડાયેલા રહીએ અને આ પ્રકારની તક મેળવી રોજગાર હાંસલ કરીએ.

**-પૃથા**

❑

# સેવા અકાદમીએ ઉજવ્યો મહિલા દિવસ

‘સેવા અકાદમી’ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કાલ, આજ અને આવતીકાલ’ની વિશિષ્ટ થીમ સાથે કરવામાં આવી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ત્રણ પેઢીની બહેનોના STEM (વિજ્ઞાન, ટેકનોલૉજી, એન્જિનિયરિંગ અને ગણિત) ક્ષેત્રે અનુભવો અને સેવાના કામના અનુભવો વ્યક્ત કરવાનો હતો. આ કાર્યક્રમમાં સેવા અકાદમીના કોઓર્ડિનેટર શાન્તાબહેને આવેલ મહેમાનોનો પરિચય આપ્યો જેમાં, ‘ISRO’ના વૈજ્ઞાનિક આસિયા ટોપીવાલા, ‘માયકા’ યુનિવર્સિટીમાં કોમ્યુનિકેશનના પ્રોફેસર પૂજા થોમસ અને ‘અનંત’ નેશનલ યુનિવર્સિટીના પ્રોફેસર શર્મિલા સાગરા ઉપસ્થિત રહ્યાં હતા.

કાર્યક્રમની શરૂઆતમાં જે થીમ - કાલ, આજ અને આવતીકાલ’ રાખી હતી તેમાં આપણી શ્રમજીવી બહેનો પોતાના કામ સાથેના પોતાના રોજિંદા જીવનમાં વિજ્ઞાન, ટેક્નોલૉજી અને ગણિતનો ક્યાં ? કેવી રીતે ? ઉપયોગ કરે તેના વિશે આપણે જાણીએ. અમરાઈવાડી વિસ્તારમાં રહેતા આગેવાન લીલાબહેન કહે, ‘‘મારો જન્મ ગામડાનો એટલે બાળપણથી વણાટ કામનો મને સારો અનુભવ. વણાટ કામમાં ઘણી મહેનત પડતી. લગ્ન થયે ને અમદાવાદ આવી. હાથનું જ કામ છે પણ એ કામમાં ને હાલ આસનીયા

બનાવવાનું કામ ઘણું જુદુ છે. હવે તો ઘણી રીતના મશીન આવી ગયા છે એટલે થોડી રાહત રહે છે કામમાં. હું ઘરે બેસીને આસનીયા, પગલુંછણિયા, સોફાના આસન, મારુતી ગાડીના આસન અને લકઝરી બસના આસન બનાવવાનું કામ કરું છું. આસન બનાવવામાં પણ તારની ગણતરી કરીને લેવામાં આવે છે. ૧૮નો પનો હોય તો એમાં ૧૮૦ તાર ગણીને લેવા પડે તો સેમ્પલ સારું બને નહીં તો વેસ્ટમાં જાય. હું ભણી નથી પણ મારી આવડતથી કામ કરું છું અને મારી સાથે ૧૦ બેનો આ કામ કરે છે, પોતાના નાના નાના બાળકોને સાથે રાખીને દિવસના ૩૦૦ થી ૪૦૦ રૂપિયા રોજગારી મેળવે છે.

મને ઘણો આનંદ થયો અહીયા આવી અને તમને બધાને મળીને વાત કરવાનો મોકો મળ્યો આ શબ્દો હતા, 'માયકા' યુનિવર્સિટી કોમ્યુનિકેશનના પ્રોફેસર પૂજાબહેન થોમસના. વધુમાં તેમણે કહ્યું કે, હું જે ક્લાસમાં ભણાવું છું તે આજે મને એવું લાગે છે કે, અહીયા એ બધુ મારી નજર સમક્ષ હું જોઇ રહી છું. હું એ ભણાવું છું કે, તમે બધાએ સાથે મળીને એક અવાજમાં જે પ્રાર્થના ગાઇ તે મને ખૂબ ગમ્યું. આ બધુ આપણા રોજિંદા જીવનમાં જોવા નથી મળતું જે મેં અહીયા જોયું. જાતિ, ભેદ-ભાવ ના લીધે બેનોનું સંગઠન તૂટે છે. બેનો એક સાથે મળીને આગળ નથી વધતી. પોતાના કામ માટે અવાજ નથી ઉઠાવતી. આપણી આસ-પાસ આપણે જોતા હોઇએ છીએ. માટે હું કહીશ કે, 'સેવા' જેવાં સંગઠન સાથે જોડાઇને સંગઠિત થાઓ અને આગળ વધો. આજની દુનિયામાં ટેક્નોલૉજીનું મહત્વ ખૂબ વધી ગયું છે. મારી દીકરી છે જે હમણાં ૧૦માં ધોરણની પરિક્ષા આપી રહી છે. એ મને કહે છે, અમ્મા મારે મેથ્સ અને સાયન્સ નથી ભણવું. કેમ કે, મને ઘણું અઘરું લાગે છે. ક્લાસમાં ભણાવે છે તો મને સમજાતુ નથી. હું એને કહું છું કે, આજના સમયમાં સ્ત્રીઓને સૌથી વધારે મેથ્સ અને સાયન્સની જરૂર છે. કેમ કે, એ આપણા દરેક કામમાં હોય છે ચાહે ઘરના કામમાં યા આપણા જીવનમાં દરેક જગ્યાએ જરૂરી છે. માટે હું એ જ કહીશ કે, આપણે પણ જમાના સાથે ચાલીએ તો જ આપણી પ્રગતિ થશે.

મને કલાકારી કરવી ખૂબ ગમે છે અને મારો પ્રિય વિષય ગણિત છે એટલે હું એમા જ આગળ વધવા માગું છું. હાલ હું આર્કિટેકનું ભણુ છું. આ શબ્દો છે, સાણંદ તાલુકાના નિધરાડ ગામમાં રહેતા હિરલબેનના. તેઓ કહે, મારો પરિવાર ખેતી અને પશુ-પાલન સાથે જોડાયેલા છે. મારા માતા-પિતા પણ ભણેલા છે અને ખેતી કરીને જીવન નિભાવે છે. પણ હા, એમને અમારા પર ઘણું ધ્યાન આપ્યું છે. મારો ભાઇ પણ એન્જીનિંયરીગ ભણ્યો છે.

''હું ખેડૂત છું અને ખેડૂતની દીકરી છું આ શબ્દો હતા સાણંદ તાલુકાના ઉપરદલ ગામના આગેવાન કંચનબેનના.'' તેઓ કહે, મારા બાપા-દાદા બળદ ગાડુ રાખી ખેતી કરતા. ગાયો ભેંસો રાખી પશુ-પાલન કરતા અને છાણિયું ખાતર ભેગુ કરી ખેતીમાં વાપરતા. અત્યારે ટેક્નોલોજી આવી ગઇ છે. હવે ટ્રેક્ટરથી ખેતી કરતા થઇ ગયા છે પણ એનાથી હળ જેવી ખેતી તો ન જ થાય. મારા બાપા જેઠ મહિનો આવે તો ખેતરમાં છાણ ભરી દેતા એમાં અળસિયા થતા જે ખેતીમાં ખૂબ કામ લાગતા. હું પણ મારા ખેતરમાં એવી જ દેશી રીતે ખેતી કરું છું. મારો દીકરો અને દીકરી બન્ને ગ્રેજ્યુએટ થયા છે, દીકરો કહે, પારકી નોકરી મારે નથી કરવી, હું તો ખેતી જ કરીશ. હાલમાં ઓર્ગેનિક રીતે ખેતી કરી અમારા ૧૦ વિઘામાં અમે ઘઉં વાવ્યા છે. મારા ઘર આંગણે ૫ લીમડા છે એના પાન ભેગા કરી ઘર આંગણે થયેલો કચરો હોય કે, શાકભાજીનો કચરો હોય તે ભેગુ કરીને મોટુ પીપડુ લઇ તેમાં ૨૦ લીટર પાણી, ૫ લીટર ગાયનું મૂત્ર, ૫ કીલો છાણ, ૨ કીલો દેશી ગોળ, ૫૦૦ જેટલો ચણાનો લોટ અને મકાઇનો લોટ લઇ બધું ભેગુ કરીને લાંબી લાકડીથી હલાવવાનું ૧૫ દિવસે દેશી જીવાઅમૃત દવા તૈયાર થાય છે જેને પંપમાં ભરી ૧૫-૧૫ દિવસના અંતરમાં ચાર વખત છાટવાથી મબલક પાક તૈયાર થાય છે. જો પાકમાં જીવાત આવી ગઇ હોય તો અમે લીલા મરચાં અને લસણ લઇ તેને વાટી તેને ગાળીને તેનો છંટકાવ ખેતરમાં કરીએ તેનાથી જીવાતનો નાશ થાય છે અને પાક સારો ઉતરે છે.

દેશી ઢબે ખેતી કરતા ને તો પહેલા કોઇ રોગ નહોતા થતા અને હવે આધુનિક ટેકનોલોજી અને રસાયણિક ખાતર અને નવા નવા બિયારણો, અનાજમાં રાખવાની દવા- ગોળીઓ બજારમાં મળે છે અને આ બધાનો ઉપયોગ લોકો ખેતીમાં કરતા થઇ ગયા છે જેનાથી નઇત-નવા રોગો પણ વધી ગયા છે. એટક આવે, ડાયાબીટીસ અને કેન્સર જેવાં રોગો તો ડગલે ને પગલે વધી રહ્યાં છે.

''હું ૧૦માં ધોરણમાં હતી અને મારા લગ્ન થઇ ગયા, સાસરે આવી તે ગામડાનું કામ કરવાનું અને બાળકો થયા ને પછી હું ભણી ના શકી. આ વાત કરતાં બાવળા તાલુકાના ચીયાડા ગામના ખેતીના આગેવાન મધુબહેન ગૌસ્વામી.'' તેમના અનુભવની વાત કરતા જણાવ્યું કે, મારે ભણવું હતુ ડોક્ટરનું પણ એ મારું સ્વપ્નુ પુરું થયું નહીં. મારે ૩ બાળકો એમા નાની દીકરીનો જન્મ ૧૯૯૧માં થયો હતો ત્યારે ગામના આગેવાન કુંવરબહેન મારા ઘરે આવ્યા અને તેઓએ મને સેવાની સભ્ય બનાવી હતી. તેમને કહે, તમારે આરોગ્યનું કામ કરવું છે ? મેં હા પાડી અને મેં કીધું કે, હું બહુ ભણી નથી. કુંવરબહેન કહે, કાંઇ વાંધો નહી. મેં કહ્યું સારું હું આવીશ. આમ, હું લોક સ્વાસ્થ્ય મંડળીમાં જોડાઇ અને મને તાલીમ મળી. ત્યાર પછી ૧૯૯૫માં હું અકાદમીમાં તાલીમમાં આવી, ત્યાં જેવી ડોક્ટરોને તાલીમ આપે એવી તાલીમ મને મળી. મને ગામડામાં કિશોર-કિશોરીઓમાં થતા ફેરફાર વિશે પ્રાથમિક માહિતી આપવાનું

કામ શોપ્યું. પહેલા છોકરીઓને એટલી સમજ નહોતી પડતી કે, કિશોરીમાં શું ફેરફાર થાય અને કિશોરમાં શું ફેરફાર થાય. ત્યારે હું ઘરે ઘરે જઇને જેમ ડોક્ટર સાયન્સની રીતે સમજાવે તેમ હું સમજાવતી કે, ૧૧ થી ૧૮ વર્ષમાં કિશોર-કિશોરીઓના શરીરમાં ફેરફાર જોવા મળે છે. છોકરાઓને વ્યસનથી દૂર રાખવા માટે આપણે મા-બાપ તરીકે કહેવું જોઇએ. માવા-મસાલા કે બહારના પડીકા ના ખાય, ઘરનો બનાવેલો ખોરાક જ ખાય જેથી તેમનું આરોગ્ય સારું રહે અને જીવન સુધરે.

મારી મા 'સેવા'ની સભ્ય છે, એટલે હું બાળપણથી જ સેવા સાથે જોડાયેલી છું. મારું નામ દીયા છે. મારો ભાઇ વકીલનું ભણે છે. હું કોમ્પ્યુટર આઇટીમાં ભણું છું. એમા જે સીસ્ટમ હોય તે મુજબ ભણવાનું હોય છે. અમારે ભણવામાં કોડિંગ કરવાનું આવે જેમાં લાઇબ્રેરી મેનેજમેન્ટ જે ઓનલાઇન એપ્લીકેશન બનાવવાનું કામ, જેમ કે, મોબાઇલમાં કોઇ પણ પુસ્તકને આપણે વાંચવી હોય તો તે ઇન્ટરનેટ ઉપર સર્ચ કરીને ઓનલાઇન વાંચી શકીએ. એવી જ રીતે ગર્વમેન્ટનું ફોર્મ ભરવું હોય તો હું મારા વિસ્તારમાં છોકરાઓને મદદ કરું છું. હું હાલમાં ઇન્ટનશીપ માટે કંપનીમાં જાઉં છું જે અમેરિકાની કંપની છે. જ્યાં હું અને મારી સાથે બીજા છોકરા-છોકરીઓ પણ છે જે અમે ગ્રુપમાં મળીને કામ કરીએ છીએ. અહિયાં બધી ફોરેનની જ કંપનીઓ છે. અમે બધાએ વિચાર્યું છે કે, અમે આઇટી ફિલ્ડમાં ભણીને અમારી પણ આવી જ આઇટીની કંપની બનાવીશું અને અમદાવાદનું જ નહી પુરા ભારતનું નામ રોશન કરીશું. હુ તો એટલું જ કહીશ કે, દરેક માતા-પિતા પોતાની દીકરીઓને સારુ ભણાવે અને જીવનમાં આગળ વધારે.

સૌને મહિલા દિનની શુભેચ્છા પાઠવતા, ઇસરોના વૈજ્ઞાનિક આસિયાબહેન ટોપીવાલા કહે, આજે અહી આવી તમે બધાએ મારું મન જીતી લીધું. ખાસ નાની દીકરીઓ જે અહી આવી છે તેમની દાદી- નાની જે અહી આવીને પોતાના અનુભવની વાત કરે છે અને સૌએ સાંભળ્યા તેમને પણ ઘણી શીખ મળી છે. આપ સૌને મહિલા દિવસની ખૂબ ખૂબ શુભેચ્છા. તમે ગ્રાસરૂટ લેવલ પર જે કામ કરી રહ્યા છો તેના માટે સૌ પોતાના માટે તાળીઓ પાડે. તમારી પ્રાર્થના સાંભળીને મને મારા સ્કૂલના દિવસો યાદ આવી ગયાં. ગાંધીજીની પ્રાર્થના અમે પણ દર શુક્રવારે ગાતાં. તાલીમથી આપણી વિચારવાની શક્તિ વધી જાય છે. તેના થકી આપણે સમાજમાં બદલાવ લાવી શકીએ છીએ. કહેવાય છે ને કે, બહેનોને ઉડવા માટે ખુલ્લું આકાશ છે, તેમાં તમારી સામે અસીમ પ્રયત્નો રહેલાં છે. આવી જ રીતે બહેનો-દીકરીઓ અહી સેવા અકાદમીમાં તાલીમ લઇ પોતાના જીવનમાં આગળ વધતા રહો.

આ અંગે સેવા અકાદમીના ડિરેક્ટર નમ્રતાબેન બાલીએ કહ્યું કે, 'કાર્યક્રમમાં ઉપસ્થિત બહેનો માટે STEM માત્ર ભણવાની વસ્તુ નથી, પરંતુ તે તેમના રોજિંદા જીવન અને કામમાં ઉપયોગી સાબિત થાય છે. ગ્રાસરૂટ સ્તરની મહિલાઓએ કે જેમને ઔપચારિક ડિગ્રી વગર માપ, ગણતરી અને અન્ય ટેકનિકલ કાર્યોમાં અનુભવની સાથે ઘડાયેલી છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓના STEM ક્ષેત્રે યોગદાનને રજૂ કરવાનો અને યુવા પેઢીને પ્રેરણા આપવાનો છે. સૌ બહેનોને STEM 'સેવા' એક વડલા સમાન છે. જેમ વડલાની વડવાઇઓ વધે અને તેમાંથી બીજુ ઝાડ ઉગી જાય તેમ આપણે પણ આપણા મૂલ્યોને ધ્યાનમાં રાખીને કામ કરતાં રહેવાનું છે. આપણે આપણી શ્રમજીવી બેનને ધ્યાનમાં રાખીને જ કામ કરતાં કરીશું.

આપણાં જે સભ્યો કામ કરે છે તેમાં વિજ્ઞાન, ટેક્નૉલોજી, એન્જીનિરીંગ અને ગણિત કેવી રીતે વણાયેલું છે તેની વાત કરતાં શાન્તાબહેને જણાવ્યું કે, સેવાની શ્રમજીવીઓ જે વેચનાર, કડિયા કામદાર, બીડી કામદાર, કાગળ વીણનાર, ખેત મજુર કે કોઇ ઉત્પાદક બેનો છે, તેઓ ડગલે ને પગલે પોતાના કામમાં ગણતરી, વિજ્ઞાન અને પોતાની સમજ અને આવડત સાથે કામ કરે છે. હવેનો સમય જ એવો છે કે, આપણે આની સાથે આગળ વધવું પડશે. જે સમય વીતી ગયો એ પાછો આવવાનો નથી પણ આજની પેઢી જે છે એને આપણે આ ક્ષેત્રમાં આગળ વધારીએ અને તો જ આપણું ઉજળું ભવિષ્ય છે. કારકિર્દી તો છે જ, પણ સાથે સાથે આપણને આપણા સપના સાકાર કરવાની એક તક મળશે. આજની ચર્ચા કરવાનો આ ઉદ્દેશ્ય હતો.

કાર્યક્રમનું સંચાલન પારુલબહેને કર્યું.

ખાસ મહિલા દિવસની ઉજવણી નિમિત્તે કાલ, આજ અને આવતીકાલની બહેનોની રજૂઆતે ખરા અર્થમાં બહેનોની ક્ષમતાનો પરિચય થયો. આજ સાચી મહિલા શક્તિ અને તેમના યોગદાનનું પ્રમાણ છે. ''અમે પાર કરીશું'' ગીત ગાઇ કાર્યક્રમ પુરો કર્યો.

**- ગોમતી**

❑

# બાયોચાર: ટકાઉ ખેતી માટે સોનાનું સૂત્ર

''સેવા ખેતી ઝુંબેશ'' એ એવા નાના અને સીમાંત ખેડૂત બહેનો માટે એક ખાસ પહેલ છે, જેઓ ખેતીમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. આ ઝુંબેશ ૧૯૮૯માં શરૂ થઈ, જ્યારે 'સેવા'એ જોયું કે, નાના ખેડૂત બહેનો ખેતી કરે છે, પણ તેમની પાસે પૂરતી જાણકારી નથી, તેમનું ઉત્પાદન ઘટી રહ્યું છે અને જૈવિક ખેતીની પદ્ધતિઓ વિશે એમને કોઈ માર્ગદર્શન નથી મળતું.

સૌથી દુઃખની વાત એ હતી કે, ખેતીમાં મહેનત બહેનો કરતા છતાં કઈ ખેતી કરવી, શું વાવવું, કેટલું બિયારણ લેવું, કયા બજારમાં વેચવું — એ બધું ઘરનાં પુરુષો નક્કી કરતાં. બજાર જોડાણ, પાક વીમો, જમીન અધિકાર, બિયારણ, ખાતર, સિંચાઈ અને વેચાણ, આ બધું બહેનોના હાથમાં ન હતું. 'સેવા'એ નક્કી કર્યું કે, આ પરિસ્થિતિ બદલવી જ જોઈએ. 'ખેતી ઝુંબેશ' દ્વારા, સેવાએ નાના અને સીમાંત મહિલા ખેડૂત બહેનોને સ્વતંત્ર બનાવવા માટે કામ શરૂ કર્યું.

આજના સમયમાં ખેતીમાં માત્ર મહેનત પૂરતી નથી, પણ નવી ટેકનિક અપનાવવી પણ એટલી જ જરૂરી છે. 'સેવા' સતત પોતાના સભ્ય બહેનો માટે નવી તક અને નવીન અભિગમ લાવતી રહી છે. અને આ વખતે ખેતી ઝુંબેશના ભાગરૂપે, સેવાને બાયોચાર (જૈવિક કોલસા) પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. બાયોચાર એ બાયોમાસ (કૃષિ અવશેષો)ના કાર્બોનાઇઝેશનથી મેળવવામાં આવેલ ઘન પદાર્થ છે. આ પદ્ધતિથી ખેતરના અવશેષોને ઉપયોગમાં લઈ શકાય છે, જે પર્યાવરણને અનુકૂળ છે અને જમીનની ગુણવત્તામાં સુધારો કરે છે. ચાર ટન/હેક્ટર બાયોચાર જમીનનો સેન્દ્રીય કાર્બન ૦.૧% વધારે છે. બાયોચાર બનાવવા માટે પાકના અવશેષો કે ખેડૂતોના ખેતરમાં બાકી રહેલા કચરાનો ઉપયોગ કરી શકાય છે. ખાસ કરીને મકાઈ, કપાસ, સૂર્યમુખી, સાંઠી અને અન્ય શાકભાજીના અવશેષો બાયોચાર બનાવવા માટે ઉત્તમ માનવામાં આવે છે.

ખેતીમાં થતો ખર્ચ ઘટાડવા અને જમીનની તંદુરસ્તી જાળવી રાખવા માટે બાયોચાર એક મહત્વપૂર્ણ ઉકેલ બની રહ્યો છે. હવે સેવાના આગેવાનો સભ્ય બહેનોને બાયોચારની માહિતી અને તાલીમ આપી રહ્યા છે, જેથી તેઓ ખેતરના પાકના અવશેષોનો યોગ્ય ઉપયોગ કરી શકે અને જૈવિક ખેતીને વધુ મજબૂત બનાવી શકે.

આ પદ્ધતિમાં કાર્બન ઉત્સર્જન ઓછું થાય છે, એટલે કે પર્યાવરણ માટે પણ અનુકૂળ છે. આ પદ્ધતિ સરળ છે, ઓછી ખર્ચાળ છે અને ઝડપથી બાયોચાર બનાવવાની તક આપે છે. 'સેવા'ના નાના અને સીમાંત ખેડૂત બહેનો પણ પોતાના ખેતરમાં ''કોન-પીટ'' પદ્ધતિથી શંકુ આકારનો ખાડો બનાવી સરળતાથી બાયોચાર ઉત્પન્ન કરી શકે છે.



**કોન પીટ પદ્ધતિ**



**કોન ટીકી પદ્ધતિ**

'સેવા' હવે ખેડૂત બહેનોને પ્રેક્ટિકલ તાલીમ આપી રહ્યું છે, જેથી તેઓ મકાઈ, કપાસ, સૂર્યમુખી કે સાંઠી જેવા પાકના અવશેષોનો ઉપયોગ કરી બાયોચાર બનાવી શકે. આ પાકનાં અવશેષોને સળગાવી દેવામાં આવે છે જેનાથી હવા દુષિત થાય છે. પરંતુ, આ પદ્ધતિથી આ પાકનાં અવશેષોનો ઉપયોગ જમીનની ગુણવત્તા સુધારવા માટે થાય છે જેથી જમીન લાંબાગાળા સુધી ફળદ્રુપ રહે છે. આગામી વર્ષોમાં, સેવાની આ નવી પહેલ લાખો બહેનો માટે ખેતીમાં ક્રાંતિ લાવશે, જ્યાં પાક અને જમીન બંને ટકાઉ અને આરોગ્યપ્રદ રહેશે.







**બાયોચાર બનાવતા 'સેવા'ના સભ્ય બહેનો**

અમદાવાદ જિલ્લાના કાવિઠા ગામમાં આરતીબેન વનરાજસિંહ રાઠોડના ખેતરમાં પ્રેક્ટીકલ તાલીમ કરી અને હવે ગુજરાતના દરેક જિલ્લામાં બનાવવાની શરૂઆત કરી છે.

'સેવા'ની ખેતી ઝુંબેશ આ નવી પદ્ધતિને પ્રોત્સાહન આપે છે, જેથી વધુમાં વધુ ખેડૂત બહેનો ટકાઉ અને પર્યાવરણને અનુકૂળ ખેતી તરફ આગળ વધી શકે. સેવા હંમેશા નવી તક અને નવા સંશોધનો દ્વારા પોતાના સભ્યો માટે શ્રેષ્ઠ ઉકેલો લાવતું રહ્યું છે અને બાયોચાર એ એના કૃષિ વિકાસના સોના જેવા પગથિયાંમાં એક વધુ ઉમેરો છે !

'સેવા' ખેતી ઝુંબેશ ખેતી માટે ક્લસ્ટર પદ્ધતિ અમલમાં લાવી, ખેડૂતોને સંગઠિત કરી આવક વધારવા અને ખર્ચ ઘટાડવા માટે નવી તક સાથે જોડયા છે.

### ક્લસ્ટર એટલે શું તે સમજવું જરૂરી છે.

ક્લસ્ટર એ એક સંગઠિત ખેતી પદ્ધતિ છે, જેમાં નાના અને સીમાંત ખેડૂતો એકસાથે આવી, ખર્ચ ઘટાડીને વધુ ઉત્પાદન અને વધુ આવક મેળવી શકે. સામાન્ય રીતે, એકલા ખેડૂતોને ખેતીના વિવિધ પડકારોનો સામનો કરવો પડે છે – મોંઘું બિયારણ, ખાતર અને દવાઓનો ખર્ચ, મજૂરીની ઉંચી કિંમત, અને સૌથી મહત્વની વાત, બજારમાં પાકના યોગ્ય ભાવ ન મળવો. ક્લસ્ટર પદ્ધતિ આ બધાને એક ઉકેલ આપે છે, જ્યાં ખેડૂતોએ એકસાથે એકજ પ્રકારનો પાક વાવી, એકબીજાને ટેકો આપી અને સામૂહિક વેચાણ દ્વારા વધુ નફો મેળવવા માટે સંગઠિત થવું પડે છે.

મખીયાવ ગામમાં ૨૦૨૦-૨૧માં ખરીફ સીઝન દરમિયાન ડાંગર માટે ક્લસ્ટર પદ્ધતિ અમલમાં આવી. અહીં ૫૦ ખેડૂતો

જોડાયા અને સાથે મળીને ખેતી કરવા લાગ્યા. 'સેવા' હંમેશા નાના અને સીમાંત ખેડૂતો માટે કાર્યરત રહી છે અને ક્લસ્ટર પદ્ધતિ દ્વારા તે ઓછી જમીન ધરાવતા ખેડૂત બહેનોને સશક્ત બનાવવાનો પ્રયાસ કરે છે. મખીયાવ ગામમાં મોટે ભાગે ઘઉં અને ડાંગરનો પાક થાય છે. અગાઉ, ખેડૂતો પાસે ખેતી માટે યોગ્ય માર્ગદર્શન નહોતું. ખેતીના દરેક મહત્વના નિર્ણયો ઘરનાં ભાઈઓ લેતા, બહેનો માત્ર મહેનત કરતા પણ ક્યાં કયું બિયારણ વાપરવું, કેટલું પિયત આપવું, કયાં બજારમાં વેચાણ કરવું, એ વિશે તેમને કોઈ માહિતી મળતી નહોતી. ખેડૂતો માટે મોટો પડકાર એ હતો કે પાકનું ઉત્પાદન સારું થાય કે ન થાય, ખર્ચ તો વધુ જ થતો જતો.

ક્લસ્ટર પદ્ધતિ અમલમાં આવ્યા પછી ખેડૂત બહેનો માટે એક નવો અધ્યાય શરૂ થયો. ક્લસ્ટર સાથે જોડાયા બાદ, ખેડૂતો માટે માહિતી એકત્રિત કરવામાં આવી – ગામમાં સિંચાઈની સગવડ કેવી છે, મુખ્ય પાક કયાં છે, પશુપાલન કેટલું થાય છે અને ગયા વર્ષના પાકમાં કેટલો ખર્ચ થયો હતો. ખેડૂત બહેનોને બિયારણ, પાકની સંભાળ, પાણી વ્યવસ્થાપન અને બજાર ભાવે પાક વેચાણ વિશે વિગતવાર તાલીમ આપવામાં આવી. અગાઉ, ખેડૂતો અડધી જાણકારી સાથે મોંઘા રસાયણિક દવાઓ ખરીદી લેતા, જે લાંબા ગાળે જમીન અને આરોગ્ય માટે નુકસાનકારક હતા. હવે, તાલીમ લીધા પછી, બહેનો ઘરે જ જૈવિક દવાઓ બનાવે છે અને તેનો ઉપયોગ કરે છે, જેથી ખર્ચ ઘટે અને જમીન પણ સારી રહે.

ક્લસ્ટર પદ્ધતિથી અન્ય ફાયદા પણ મળ્યા. ડાંગરના એક ખેડૂતે દિવેલાનું પાક શરૂ કર્યું, જેમાં રોગ-જીવાત ઓછી લાગી અને ભારે વરસાદ હોવા છતાં પાકને નુકસાન થયું નહીં. આ પરિણામ જોઈ અન્ય ખેડૂતો પણ નવા પાકની વાવણી માટે પ્રોત્સાહિત થયા. ક્લસ્ટર મારફત, ૧૦ ખેડૂતો માટે આત્મા દ્વારા બિયારણ કીટ મળી, જેથી બહારથી મોંઘાં બીજ ખરીદવાની જરૂર ન પડે અને ખર્ચ બચી જાય. કેટલાક ખેડૂતોએ ડાંગરના ઘરેલું બીજ સંગ્રહ કર્યા, જે આગામી સીઝનમાં વધુ સસ્તું અને વધુ ગુણવત્તાવાળું બીજ પુરુ પાડશે.

ખેડૂત બહેનો માટે સૌથી મોટું પરિવર્તન તે આવકમાં થયું. અગાઉ, પાકના બજાર ભાવ ૩૦૦ થી ૪૬૦ રૂપિયા પ્રતિ મણ હતા, પણ ક્લસ્ટરથી નફો વધ્યો અને હવે ૫૦૦ થી ૬૦૦ રૂપિયા પ્રતિ મણ મળી રહ્યા છે. આ વર્ષે અનિયમિત વરસાદ અને વાતાવરણમાં થયેલા ફેરફારોને કારણે કેટલાક ખેડૂતોને નુકસાન થયું, પણ ક્લસ્ટરના સભ્યો માટે નુકસાન ઓછું હતું. તેઓએ અગાઉના વર્ષના સંગ્રહિત બીજ અને જૈવિક પદ્ધતિઓનો ઉપયોગ કર્યો, જેથી ઉતારો ઓછો આવ્યો હોવા છતાં નફો સારો મળ્યો. યુરીયા ખાતર ઓછા પ્રમાણમાં વાપરતા, અને ૨૫૦ રૂપિયાની સબસિડી મળતા ખાતર ખર્ચ પણ ઘટ્યો. જૂથમાં જોડાઈને, ખેડૂત બહેનો હવે સીધા વેપારીઓ સાથે વાટાઘાટ કરી શકે છે, જેનાથી તેઓને બજારમાં વધુ નફો મળે છે.

ક્લસ્ટર પદ્ધતિ ખેડૂત બહેનો માટે આજના યુગમાં એક મહત્વપૂર્ણ ઉકેલ છે. આ પદ્ધતિ દ્વારા એકતા, જ્ઞાન અને નવી તકનીક સાથે બહેનો ખેતીમાં વધુ મજબૂત બની શકે છે. મખીયાવ ગામમાં હવે બહેનો માત્ર ખેતી માટે કામ કરતી નથી, પણ તેઓ પોતે નિર્ણય લે છે, બજાર સાથે જોડાય છે અને ખેતીમાં નવી પદ્ધતિઓ અપનાવી રહેલી છે. એકતામાં શક્તિ છે અને ક્લસ્ટર એ સાબિતી છે કે સંગઠિત ખેતીથી સંભવિત ફાયદાઓ વધુ હોઈ શકે છે. ખેડૂત બહેનો હવે માત્ર ખેડૂત નથી, તે સશક્ત વ્યાપારી અને પરિવર્તન લાવનાર છે.

આજ સેવા સાથે જોડાઈને, મખીયાવ ગામના ૫૦થી વધુ ખેડૂત બહેનો એકબીજાને પ્રોત્સાહન આપી રહ્યા છે અને ક્લસ્ટર દ્વારા સશક્ત બની રહ્યા છે. આ માત્ર એક પ્રારંભ છે અને આ પરિવર્તન હજી આગળ વધી શકશે, જ્યાં જૂથ ખેતી વધુ નફાકારક અને વધુ સારો ઉદ્યોગ બની શકે. ક્લસ્ટર એક નવી દિશા છે -જ્યાં એકતા છે, ત્યાં સફળતા છે !

- **'સેવા' ખેતી ટીમ**

❑

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2024

Ahmedabad P.S.O.
22-3, 6-4-25

## અનસૂયા

- ૪૩માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલા વિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે**
**'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, iasew1905@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** 22-3, 6-4-25

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001